## ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૦૦૨/૨૦૨૬ ના કામે આંક–૦૧ લગત હુકમ.

૧. આ કામના અરજદાર રવુફભાઈ અબ્દુલમજીદ ફકીરાનાઓએ ઝાલોદ પો.સ્ટે.ના ગુ.ર.નં.૦૦૨/૨૬ ના કામે પોલીસ ધ્વારા કબજે કરેલ મુદ્દામાલ **વીવો કંપનીનો મોબાઈલ VIVO Y28 (5G) 6GB 128 GB** મોબાઈલ છે જે પરત મેળવવા અરજી કરેલ છે. અરજદારે હાલની આ અરજી દાખલ કરતાં, સદરહુ ગુનાના કામે ત.ક.અ. શ્રી દવારા હાલના કામે ચાર્જશીટ રજુ થઈ ગયેલ હોય જેથી મુદ્દામાલ અભિપ્રાય મંગાવવામા આવેલ નથી.અરજી સંદર્ભે અરજદાર તરફેના વિ.વ.શ્રી તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓ અરજી પર કરેલ શેરો ધ્યાને લીધેલ છે.

૨. બંને પક્ષોની રજુઆતો અને રેકર્ડને જોતા તથા આ કામે રજુ થયેલ મુદ્દામાલ પાવતી, તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા તથા ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લીધી તેમજ અરજદારે આ કામે એફ.આઈ.આર.ની નકલ,આધારકાર્ડની નકલ તથા મોબાઈલ બિલની નકલ રજુ કરેલ હોય ત્યારે અરજદારે માંગેલ મુદ્દામાલ ઉપરોકત હકીકતે હાલના તબકકે પ્રથમ દર્શનીય અરજદારની માલિકી કબજા–ભોગવટાનો હોવાનું જણાય છે તેમજ હાથ પરના કેસમાં અરજદારે માંગેલ મુદ્દામાલને લાંબો સમય સુધી પડયો રહેવા દેવામાં આવે તો, તેને નુકસાન થવાની શકયતા છે અને તેના કારણે ઉપરોકત હકીકતે ફરીયાદ પક્ષને કોઈ ફાયદો થવાની શકયતા જણાતી નથી પરંતુ, અરજદારને આર્થિક નુકસાન જવાની શકયતા રહેલ હોવાનું હાલના તબકકે જણાઈ આવે છે. આમ, સદરહુ હકીકત જોતા અરજદારે ઉપરોકત વિગતે માં ગેલ મુદ્દામાલ મોબાઈલના માલિક હોવાનું તેમજ અરજીની વિગતે સદર અરજદાર મુદામાલ મોબાઈલ પરત મેળવવા હકકદાર હોવાનું જણાય છે ત્યારે સદર મુદ્દામાલ મોબાઈલ અરજદાર/આરોપીના કબ્જામાંથી મળી આવેલ છે અને મુદ્દામાલ મોબાઈલ સબંધે અન્ય કોઈએ દાવા– દૂવી કરેલ નથી તેમજ આક્ષેપાયેલ ગુના સબં ધેની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં તેમજ તે સબં ધે સરકારપક્ષે પણ સ્પષ્ટપણે રજુઆતો કરેલી હોય જે તમામ હકીકતો સાથે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત,**

**એ.આઈ.આર.૨૦૦૩, એસ.સી. પેઈજ–૬૩૮** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કોઈપણ સંજોગોમાં મુદ્દામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમાં રાખી મૂકવો હિતાવહ નથી. જેથી મેજિસ્ટ્રેટે યોગ્ય રકમના બોન્ડ તથા સીકયુરીટી મેળવી, તાત્કાલિક પરત સોંપવા યોગ્ય હુકમ કરવો જોઈએ જેથી ઉપરોકત રજુ તમામ દસ્તાવેજી પુરાવાઓ તેમજ તપાસનીશ અમલદારનો અભિપ્રાય વિગેરે વંચાણે લેતા, અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાય છે જેથી અરજી પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

અરજી મંજૂર કરવામાં આવે છે.ઝાલોદ પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૧૮૨૧૦૩ ૦૨૬૦૦૦૦૨/૨૬ ના કામે પોલીસે કબજે કરેલ મુદ્દામાલ **વીવો કંપનીનો મોબાઈલ VIVO Y28 (5G) 6GB 128 GB** છે તે અરજદાર રવુફભાઈ અબ્દુલમજીદ ફકીરા ઓએ મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલની કિંમતથી દોઢી રકમના જામીન તથા જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ વચગાળાના કબ્જે તાત્કાલિક પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:શરતો :**

૧. અરજદારે મુદ્દામાલ મોબાઈલ નો કોઈ ગુનામાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

૨. અરજદારે મુદ્દામાલના માલિકીના સ્વરૂપમાં કે દાર્શનિક સ્વરૂપમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો–કરાવવો નહીં.

૩. અદાલત જયારે અને જયાં સદર મુદ્દામાલ હાજર કરવાનું ફરમાવે ત્યારે અને ત્યાં અરજદારે મુદ્દામાલ મોબાઈલ હાલ જે સ્વરૂપમાં છે તે જ સ્વરૂપમાં રજુ કરવો.

૪. અરજદારે મોબાઈલ પરત મેળવતા અગાઉ તેના એક–એક ફોટોગ્રાફ સ્વખર્ચે પડાવી તપાસ કરનારને આપવા, તપાસ કરનારે તે આ કામમાં રજુ રાખવા.

પ. જામીન સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા.

ઉપરોકત હુકમ આજ રોજ મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૪/૦૭/૨૦૨૬**
**સ્થળ : ઝાલોદ**

**( ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર )**
**એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,ઝાલોદ**
**[U.I.C. NO. GJ-00939]**